# નસકોરી ફૂટે તો

- નસકોરી ફૂટે તો ફટકડીનું ચૂર્ણ સૂંઘાડવું અને ફટકડીનું પાણી નાકમાં નાખવાથી લોહી તરત જ બંધ થાય છે.



- ઘઉંના લોટમાં સાકર અને દૂધ મેળવી પીવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.
- મરીને દહીં અને જૂના ગોળમાં મેળવીને પીવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- કેરીની ગોટલીનો રસ નાક વડે સૂંઘવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- દૂધીનો રસ મધ અથવા સાકર સાથે પીવાથી નાકમાંથી કે ગળામાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- મરી અથવા અજમો નાખીને ગરમ કરેલું તેલ નાકમાં નાખવાથી , સૂંઘવાથી કે નાકે ચોળવાથી નાક બંધ થઇ ગયું હોય તો તે ખૂલે છે.
- આમળાના ચૂર્ણને દૂધમાં કાલવી રાત્રે સૂતી વખતે મગજના ભાગ પર લગાડવાથી વારંવાર ફૂટતી નસકોરી બંધ થાય છે.
- અરડૂસીના પાનના રસના ૩ થી ૪ ટીપા નાકમાં નાખવાથી નસકોરી બંધ થાય છે અને અરડૂસીના પાનનો રસ પીવાથી નાક કે મોં વાટે લોહી પડતું બંધ થાય છે.
- નસકોરી ફૂટે ત્યારે તાળવા ઉપર ઠંડા પાણીની ધાર પાડવી તેમ જ નાકમાં ઠંડા પાણીની છાલક મારવાથી લોહી બંધ થાય છે.
- નસકોરી ફૂટે ત્યારે બરફનો ટુકડો માથે , કપાળે, અને ગરદન પર ફેરવવાથી લોહી બંધ થાય છે.
- લીંબુનો રસ કાઢી નાકમાં પિચકારી વાટે નાખવાથી નસકોરીનું દર્દ કાયમ માટે નાબૂદ થાય છે.
- નસકોરી ફૂટે તો કેરડીના રસના ટીપાં , કાંદાના રસના ટીપાં , ગાયના ઘીના ટીપાં, દૂધના ટીપાં , ખાંડના પાણીના ટીપાં , દ્રાક્ષના પાણીના ટીપાં , ઠંડા પાણીના ટીપાં, ગમે તે એક વસ્તુના ટીપાં નાકમાં નાખવાથી લોહી પડતું બંધ થાય છે.
- કોળાના રસમાં સાકર નાખી પીવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- નસકોરી ફૂટે ત્યારે દાડમના ફૂલના રસના ટીપાં નાકમાં નાખવા.
- ફટકડી કે માયુંફળનું ચૂર્ણ નાકમાં દબાવવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

- ભારે શરીરવાળાને નસકોરી ફૂટે તો તુરંત બંધ ન કરવી. મગજમાંથી વધારાનું લોહી નીકળી જવા દેવાથી મસ્તકને નુકસાન થતું અટકે છે.